Re-Accredited 'A++' 3.69 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

સંદર્ભ :- File No. Academic/Academic/023268/2024, Date 21/10/2024

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટી પરિસર ખાતેના વિવિધ વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જણાવવાનું કે,શૈક્ષણિક વર્ષ 2024-25 ના દ્વિતીય સત્ર દરમિયાન સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-6, NCF-NEP ના અભ્યાસક્રમમાં સેમેસ્ટર-2 અને 4 માં તેમજ અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર-2, 4 માં ઓનલાઈન કોલેજ ટ્રાન્સફર માટે વિદ્યાર્થીઓ પોતાના ડેશબોર્ડ માંથી લૉગિન કરીને <u>ઓનલાઈન અરજી તા.25/10/2024 થી તા. 25/11/2024 સુધીમાં કરી શકશે.</u>

1. વિધ્યાર્થીઓએ vnsgu.net પર જઈ પોતાના SPID નો Username તરીકે ઉપયોગ કરી પોતાનો password નાખી લૉગિન કરી પોતાના ડેશબોર્ડ માં જઈ College Transfer Application સિલેક્ટ કરી તેમાં જે સેમેસ્ટર માંથી જે સેમેસ્ટર માં ટ્રાન્સફર મેળવવા માંગતા હોય તે સેમેસ્ટર સિલેક્ટ કરી Apply for College Transfer પર ક્લિક કરવાનું રહેશે.
2. વિધ્યાર્થીઓએ કોલેજ ટ્રાન્સફર માટે ઓછામાં ઓછી 1 અને વધુમાં વધુ 5 કોલેજની પસંદગી આપવાની રહેશે. પસંદગીની કોલેજમાં સીટ ખાલી હશે તો જ મેરીટ ના આધારે ટ્રાન્સફર થશે.
3. સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-2,4,6 અને અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર-2,4 માં એક કોલેજમાંથી બીજી કોલેજમાં ઓનલાઈન ટ્રાન્સફર માટે અરજી કરી શકાશે.
4. સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-2 માં ટ્રાન્સફર મેળવવા માટે ધોરણ-12 નું મેરીટ, સેમેસ્ટર-4 માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-2 નું મેરીટ, સેમેસ્ટર-6 માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-4 નું મેરીટ ધ્યાનમાં લેવાશે. અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર-2 માં ટ્રાન્સફર મેળવવા માટે ગ્રેજ્યુએશન નું મેરીટ, સેમેસ્ટર-4 માં ટ્રાન્સફર મેળવવા માટે સેમેસ્ટર-2 નું મેરીટ ધ્યાનમાં લેવાશે.
5. અનુસ્નાતક કક્ષાએ પોતાની જ કોલેજમાં (દા.ત. હાયર ફી માથી લોઅર ફી માં) ફી ની કેટેગરી ટ્રાન્સફર કરવા માટે (જે અભ્યાસક્રમોમાં લાગુ પડતું હોય માત્ર તેમાં) પણ આજ અરજી લાગુ પડશે.
6. તમામ વિદ્યાર્થીઓની ઓનલાઈન અરજી મળ્યેથી જે કોલેજોમાં બેઠકો ખાલી હશે અને ટ્રાન્સફરની પ્રક્રિયા દરમિયાન બેઠકો ખાલી પડે તે કોલેજો/વિભાગમાં વિધ્યાર્થીઓની પસંદગી ના આધારે મેરિટના ધોરણે ટ્રાન્સફરની કાર્યવાહી કરવામાં આવશે.
7. ટ્રાન્સફર ની પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન હોય વિદ્યાર્થીઓને નિયમિત (દરરોજ) પોતાનું ડેશબોર્ડ ચેક કરવાનું રહેશે તથા ટ્રાન્સફર અંગેની તમામ સૂચનાઓ અનુસરવાની રહેશે.
8. અંગ્રેજી માધ્યમ માંથી ગુજરાતી માધ્યમમાં અને ગુજરાતી માધ્યમમાંથી અંગ્રેજી માધ્યમમાં ટ્રાન્સફર માટે પણ આજ ફોર્મ લાગુ પડશે.
9. <u>કોલેજ ટ્રાન્સફર માટે એપ્લાઈ કરતી વખતે જે ટકાવારી હશે તે ધ્યાનમાં લેવાશે. એક વાર એપ્લાઈ થઈ ગયા બાદ એપ્લાઈ કરવાની નિયત સમયમર્યાદા માં વિધ્યાર્થી ફરી વાર એપ્લાઈ કરી શકશે. અને ત્યારે રિજલ્ટ માં સુધારો હોય તો ફરીવાર એપ્લાઈ કરે ત્યારની નવી ટકાવારી ધ્યાનમાં લેવાશે.</u>
10. કોલેજ ટ્રાન્સફરની પ્રક્રિયા મેરિટના આધારે થતી હોવાથી કોલેજની પસંદગી સમજી વિચારીને કરવાની રહેશે, એક વાર વિદ્યાર્થીની પસંદગીની કોલેજમાં ટ્રાન્સફર માટે જે તે કોલેજે વેરિફાઇ કર્યા બાદ ફાઇનલ અલોટમેન્ટ થઈ ગયા બાદ વિદ્યાર્થી કોઈ પણ સંજોગોમાં પોતાની મૂળ કોલેજમાં પરત જઈ શકશે નહીં.

Inward To Sunil 24.10.24

ક્રમાંક : એકે./ટ્રાન્સફર/યુ.જી.-પી.જી./22744/2024
તા.23/10/2024

કુલસચિવ

પ્રતિ,

1) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટિ ના વિવિધ વિભાગોના વડાશ્રીઓ, યુનિવર્સિટિ પરિસર ખાતેના સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડિનેટરશ્રીઓ તરફ જાણ માટે, <u>આપની કોલેજ વિભાગના નોટિસ બોર્ડ પર મુકવા માટે/તેમજ દરેક વિદ્યાર્થીઓને આ અંગેની માહિતી આપવાની વિનંતી સહ.</u>
2) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો તેમજ યુનિવર્સિટી પરિસર ખાતેના વિવિધ વિભાગો માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી માટે.